નવી સેવા ૨૦૨૦-૨૧
રાજ્યના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે વિવિધ
સંવર્ગની કુલ-૭૬૧૦ જગ્યાઓ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૨૦/૫૮૭/સ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૯/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તા.૧/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૦-૨૧/૨૨૬/૨૦૨૦

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તા.૦૬/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૦-૨૧/૨૬૯/૨૦૨૦

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીનો તા.૨૦/૦૮/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:ઇ/૧૫૩૬/નવી સેવા ૨૦૨૦-૨૧/૧૪૯૨/૨૦૨૦

(૫) વિભાગનો તા.૨૨/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક:બજટ/૧૦૨૦૧૯/૧૭૯૨/આર

(૪) નાણાકીય વર્ષ – ૨૦૨૦-૨૧ ના અંદાજપત્ર પ્રકાશન નંબર-૧૨ માં પાના નંબર- ૧૩૩

ઠરાવ:-

રાજ્યના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે વિવિધ સંવર્ગની કુલ-૧૦૪૪૭ જગ્યાઓની
સંયુક્ત દરખાસ્ત નવી સેવા-૨૦૨૦-૨૧ હેઠળ મંજુર કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ
અધિકારીશ્રીના ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) સામે દર્શાવેલ પત્રથી સંયુક્ત દરખાસ્ત કરવામાં આવેલ
હતી.હાલમાં બનતા ધાડ,બેન્ક,લૂંટના બનાવો,NDPS તથા પ્રોહિબિશનના ગુન્હાઓ બનતા
અટકાવવાની કામગીરી તથા VVIP બંદોબસ્ત સમયે પોલીસ ખાતાના તાબાના દરેક
કમિશ્નરેટ/જિલ્લા યુનિટ તથા રેલ્વે પોલીસની કામગીરી સુલભ બનાવવા સારુ ડોગ સ્કવોડની
જગ્યાઓ વધારવા માટે વિવિધ સંવર્ગની કુલ-૧૭૨ જગ્યાઓની દરખાસ્ત નવી સેવા-૨૦૨૦-૨૧
હેઠળ મંજુર કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના ઉપર વંચાણે લીધેલ
ક્રમ(૨) સામે દર્શાવેલ પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.વંચાણે લીધા(૫) માં દર્શાવ્યા મુજબ
નવી સેવા ૨૦૨૦-૨૧ હેઠળ આ દરખાસ્તોની વિવિધ સંવર્ગની કુલ-૧૦૫૦૬ જગ્યાઓ મંજૂર કરી
વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં રૂ.૧૧૫.૧૦૨૨/- કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

નોવેલ કોરોના વાઈરસ(કોવિડ-૧૯) ના કારણે રાજ્યમાં ઉભી થયેલ પરિસ્થિતિ નિવારણના
ભાગરૂપે તા.૧૩/૦૬/૨૦૨૦ના રોજ માન.મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ગૃહ વિભાગના બજેટની

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ- ૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

૧૦. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/3/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨003/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૧. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૨. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૩. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૪. રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્ય ભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૫. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ ના બજેટની કુલ જોગવાઈમાંથી સમીક્ષા બેઠકમાં ગૃહ વિભાગના રૂ.૫૦૦/- કરોડનો કાપ સુચવવામાં આવેલ હતો.જે અન્વયે વંચાણે લીધા(૪) થી પ્રસ્તુત નવી સેવા૨૦૨૦-૨૧ હેઠળ મંજૂર થયેલ કુલ-૧૦૫૦૬ જગ્યાઓની રૂ.૧૧૫.૧૦૨૨/કરોડની જોગવાઈમાંથી રૂ.૧૦૦/- કરોડનો કાપ કરી રૂ.૧૫.૧૦/- કરોડની જોગવાઈ માટેની વહીવટી મંજૂરી લેવા જણાવવામાં આવેલ.જે અન્વયે આ સાથે સામેલ પત્રક મુજબની દરખાસ્તો માટે નીચે મુજબ જણાવ્યા મુજબની વિવિધ સંવર્ગની કુલ-૭૬૧૦ જગ્યાઓ નવી સેવા-૨૦૨૦-૨૧ હેઠળ મંજુર કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના ઉપર વંચાણે લીધેલ ક્રમ(૩) સામે દર્શાવેલ પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. ઉક્ત સંયુક્ત દરખાસ્ત અંગે કાળજીપુર્વકની વિચારણા બાદ રાજ્યના પોલીસ દળને સુદ્રઢ બનાવવા માટે આ સાથે સામેલ પત્રક મુજબમાં દર્શાવ્યા મુજબના હેતુસર વિવિધ સંવર્ગની નીચે મુજબની કુલ-૭૬૧૦ જગ્યાઓ ઉભી કરવા અને તા.૨૯/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની તેમજ આ અંગે કુલ રૂા.૧૫.૧૦/- કરોડની (અંકે રૂપીયા પંદર કરોડ દસ લાખ પુરા ) રકમની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અ.નં. | હોદો | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ. |
|---|---|---|---|
| ૧ | પોલીસ મહાનિરીક્ષકશ્રી, | ૦૧ | ૧૪૪૨૦૦ – ૨૧૮૨૦૦ |
| ૨ | પોલીસ અધિક્ષકશ્રી, | ૦૩ | ૬૭૭૦૦ – ૨૦૮૭૦૦ |
| ૩ | બિન હથિયારી નાયબ પોલીસ અધિક્ષક | ૧૪ | ૫૬૧૦૦ – ૧૭૭૫૦૦ |
| ૪ | હથિયારી નાયબ પોલીસ અધિક્ષક | ૦૪ | ૫૬૧૦૦ – ૧૭૭૫૦૦ |
| ૫ | નાયબ પોલીસ અધિક્ષક (એમ.ટી) | ૦૧ | ૫૬૧૦૦ – ૧૭૭૫૦૦ |
| ૬ | બિન હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૮૪ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૭ | હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૫૨ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૮ | મહિલા હથિયારી પોલીસ ઇન્સ્પેક્ટર | ૦૧ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૯ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૩૮૩ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૧૦ | હથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર | ૧૦૭ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૧૧ | મહિલા હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૦૨ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૧૨ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર (એમ.ટી) | ૦૩ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૧૩ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર (વાયરલેસ) | ૩૦ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૧૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | ૩૨૫ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૧૫ | બિન હથિયારી હેડ કોન્સટેબલ | ૯૫૨ | ૨૧૭૦૦- ૬૯૧૦૦ |
| ૧૬ | બિન હથિયારી પોલીસ કોન્સટેબલ. | ૨૧૩૦ | ૧૮૦૦૦- ૫૬૯૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૧૭ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | ૨૧૩ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | હથિયારી હેડ કોન્સટેબલ | ૪૭૩ | ૨૧૭૦૦- ૬૯૧૦૦ |
| ૧૯ | હથિયારી પોલીસ કોન્સટેબલ. | ૧૭૯૫ | ૧૮૦૦૦- ૫૬૯૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૨૦ | સીનીયર ઇન્ટેલીજન્સ ઓફીસર | ૧૦ | ૪૪૯૦૦-૧૪૨૪૦૦ |
| ૨૧ | ઇન્ટેલીજન્સ ઓફીસર | ૪૨ | ૩૯૯૦૦- ૧૨૬૬૦૦ (૩૮૦૯૦ ફીકસ) |
| ૨૨ | આસીસ્ટન્ટ ઇન્ટેલીજન્સ ઓફીસર | ૭૫ | ૨૫૫૦૦ – ૮૧૧૦૦ |
| ૨૩ | રેડીયો ઓપરેટર (ટેકનીકલ ઓપરેટર) | ૨૪ | ૨૯૨૦૦-૯૨૩૦૦ ( ૩૧૩૪૦ ફીકસ) |
| ૨૪ | રેડીયો ટેકનીશીયન (ટેકનીકલ ઓપરેટર) | ૧૨ | ૨૯૨૦૦-૯૨૩૦૦ ( ૩૧૩૪૦ ફીકસ) |
| ૨૫ | કચેરી અધિક્ષક | ૦૨ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૨૬ | અંગત મદદનીશ | ૦૪ | ૩૫૪૦૦- ૧૧૨૪૦૦ ( ૩૧૩૪૦ ફીકસ) |
| ૨૭ | મુખ્ય કારકુન | ૦૬ | ૩૫૪૦૦- ૧૧૨૪૦૦ |
| ૨૮ | સીનીયર કલાર્ક | ૨૦ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૨૯ | જુનીયર કલાર્ક | ૨૩ | ૧૯૯૦૦-૬૩૨૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૩૦ | વાયરલેસ મેસેન્જર(પોલીસ કોન્સ્ટેબલ) | ૦૩ | ૧૮૦૦૦- ૫૬૯૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૩૧ | મહિલા આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર | ૦૪ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૩૨ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૧૪ | ૨૧૭૦૦- ૬૯૧૦૦ |
| ૩૩ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૦ | ૧૮૦૦૦- ૫૬૯૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૩૪ | મેડીકલ ઓફિસર વર્ગ-૨ | ૦૧ | ૫૩૧૦૦ – ૧૬૭૮૦૦ |
| ૩૫ | ડોગ હેન્ડલર (પોલીસ કોન્સ્ટેબલ) | ૮૯ | ૧૮૦૦૦- ૫૬૯૦૦ (૧૯૯૫૦ ફીકસ) |
| ૩૬ | સફાઇ કામદાર | ૪૯ | આઉટ સોર્સ |
| ૩૭ | કેનાલ બોય | ૧૪ | આઉટ સોર્સ |
| ૩૮ | પટાવાળા | ૧૬ | આઉટ સોર્સ |
| ૩૯ | ફોલોવર્સ | ૧૯ | આઉટ સોર્સ |
| ૪૦ | ડ્રાઇવર | ૬૦૦ | આઉટ સોર્સ |
| | કુલ- | ૭૬૧૦ | |

આ વહીવટી મંજુરી નીચે જણાવેલ શરતોને આધીન આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૬. નાણાં વિભાગ દ્વારા જે શરતોએ મંજુરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણાં વિભાગની પૂર્વ મંજુરી વિના ફેરફાર કરી શકાશે નહી અન્યથા તે અંગેની જવાબદારી ખાતાના વડાની રહેશે.

૧૭. કોષ્ટકમાં દર્શાવેલ ક્રમ નં- ૩૬ થી ૪૦ માં દર્શાવેલ જગ્યાઓને આઉટ સોર્સથી ભરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નાણાકીય વર્ષ-૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ '' માંગણી નંબર-૪૩- મુખ્ય સદર : ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર : ૦૦ ગૌણ સદર : ૧૦૯ – જિલ્લા પોલીસ પેટા સદર : ૦૧- MEP-6 જિલ્લા પોલીસ ખુદ, હેઠળ ઉધારવાનો રહેશે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૨/૦૯/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગૌરવ વસાવા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ